## દિલ્હીમાં એએપી સાથે ગઠબંધન નહીં જ થાય

કોંગ્રેસ પાર્ટીએ દિલ્હીમાં એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. કારણ કે, આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલી માંગને કોંગ્રેસ પાર્ટીએ ફગાવી દીધી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા દિલ્હીની લોકસભા બેઠકો પૈકી છ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે. આની સાથે જ દિલ્હીમાં લોકસભાની ચૂંટણીમાં મુખ્યરીતે ત્રિકોણીય જંગ ખેલાશે. કોંગ્રેસ પાર્ટીએ ગઠબંધન કરવાની એએપીની માંગણીને ફગાવી દીધી છે. ભારતીય જનતા પાર્ટી સામે લડવા આમ આદમી પાર્ટીએ વ્યાપક મતભેદ હોવા છતાં કોંગ્રેસ સાથે હાથ મિલાવવાનો સંકેત આપ્યો હતો. વારંવાર રજૂઆત પણ કરવામાં આવી હતી. જો કે, આજે કોંગ્રેસ પાર્ટીએ પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા હતા. હવે એક ઉમેદવારના નામની જાહેરાત બાકી રહી છે જેથી સસ્પેન્સનો અંત આવ્યો છે.

### વડાપ્રધાને નાસિકમાં સભા સંબોધી કોંગ્રેસ પર પ્રહારો કર્યા

# આ મોદી છે, આતંકીઓને પાતળમાંથી શોધીને પણ તેમનો નાશ કરશેઃ મોદી

### હવે આતંક માત્ર જમ્મુ-કાશ્મીર સુધી સમેટાઇ ગયો, ભારતને આંખ દેખાડતા પહેલા ૧૦૦ વખત વિચારશે

નાસિક,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે નાસિકમાંથી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતાં. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હવે દરેક આતંકીને ખબર છે, હવે દેશના કોઈ પણ ખુણે બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યા, તો આ મોદી છે. તેઓ બરાબર જાણે છે કે, મોદી તેમને પાતાળમાંથી પણ શોધી કાઢશે અને ખતમ કરી નાખશે.

વડાપ્રધાને કહ્યુ હતું કે, અમે આતંકવાદની ફેક્ટરીમાં ઘૂસીને તેને ખતમ કરી દીધી. હવે આતંક માત્ર જમ્મુ કાશ્મીર સુધી સમેટાઈ ગયો છે. હવેથી કોઈ પણ ભારતને આંખ દેખાડતાં પહેલાં ૧૦૦ વખત વિચારશે.

પીએમ મોદીએ કહ્યુ હતું કે, "દેશમાં એક એવી જમાત પણ છે જે એક દિવસ સરકાર બનાવે છે અને બીજા દિવસે તો તોડી પણ પાડે છે. હું જ્યારે ૨૦૧૪માં પહેલી વખત ચૂંટણી લડી રહ્યો હતો ત્યારે તેઓએ મને કહ્યું હતું કે, વિદેશ નીતિ કઈ રીતે સંભાળીશું? ત્યારે મેં કહેલું કે, અમે દુનિયાની સાથે આંખ નીચી રાખીને કે આંખી ઊંચી કરીને નહીં પણ તેમની આંખમાં આંખ નાંખીને વાત કરીશું.

વડાપ્રધાને નાસીકમાં ભાષન દરમિયાન શ્રીલંકામાં થયેલા આતંકી હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શ્રીલંકામાં નર રાક્ષસોએ ખૂની ખેલ ખેલ્યો છે. સાથે જ તેમણે કહ્યું હતું કે, મારા અગાઉની સરકારમાં ભારતમાં પણ અનેક જગ્યાએ બોંબ વિસ્ફોટ થતા હતા. ત્યારે અહીં કોંગ્રેસ અને એનસીપીની સરકાર હતી. તેઓ વિસ્ફોટ પછી માત્ર શ્રદ્ધાંજલિ સભાઓ રાખતા હતા. ત્યારે સરકાર રોતી હતી કે પાકિસ્તાન અમારા દેશમાં આવીને આવું કરે છે, તેવું કરે છે. પણ હવે તમારા આ ચોકીદારે કોંગ્રેસ-એનસીપીનો આ ડર ખતમ કરી દીધો છે.

વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ કહ્યું કે, હું કોંગ્રેસની એક ચાલાકી પણ જણાવવા માગુ છું. વચેટિયાને ફાયદો કરાવવા પાકની કિંમત સાથે તેઓ રમત કરતા. કોંગ્રેસ સરકારે વચેટિયાઓને હંમેશા બચાવ્યાં છે. જ્યારે અમારી સરકારે વચેટિયાઓને પકડવાનું કામ કર્યું છે. કોંગ્રેસ મહારાષ્ટ્રમાં નદીઓને લઈને પણ જુઠ્ઠાણાં ફેલાવે છે.

તેમણે કહ્યું હતું કે, આદિવાસી બાળકોના અભ્યાસ માટે એકલવ્ય મોડલ સ્કૂલ ખોલવામાં આવી રહી છે. આદિવાસી હસ્તશિલ્પ કલાના પ્રચાર-પ્રસાર માટે ઓનલાઈન માધ્યમનો વિકાસ કરાયો છે. અન્નદાતા ખેડૂતો માટે બીજથી લઈને બજાર સુધી મજબૂત માળખ્ખું તૈયાર કરવામાં છે. અનેક ખેડૂત પરિવારના ખાતાઓમાં સહાયતા રાશિ અને યોજનાઓની રકમ આવી પણ ગઈ છે. ફરીથી મોદી સરકાર આવવા પર મહારાષ્ટ્રમાં પાંચ એકરની જમીનના નિયમ હટાવી દેવામાં આવશે.

# કોણ કોની સામે ટકરાશે...

| ક્રમ | બેઠક | કોંગ્રેસ | ભાજપ |
|---|---|---|---|
| (૧) | પાટણ | જગદીશ ઠાકોર | ભરતસિંહ ડાભી |
| (૨) | પંચમહાલ | વી.કે. ખાંટ | રતનસિંહ રાઠોડ(ધારાસભ્ય) |
| (૩) | વલસાડ | જીતુ ચૌધરી(ધારાસભ્ય) | કે.સી.પટેલ(રિપીટ) |
| (૪) | પોરબંદર | લલિત વસોયા(ધારાસભ્ય) | રમેશ ધડુક |
| (૫) | જૂનાગઢ | પૂંજાભાઈ વંશ(ધારાસભ્ય) | રાજેશ ચુડાસમા(રિપીટ) |
| (૬) | રાજકોટ | લલિત કગથરા(ધારાસભ્ય) | મોહન કુંડારિયા(રિપીટ) |
| (૭) | કચ્છ | નરેશ એન.મહેશ્વરી | વિનોદ ચાવડા(રિપીટ) |
| (૮) | નવસારી | ધર્મેશ પટેલ | સી.આર.પાટિલ(રિપીટ) |
| (૯) | અમદાવાદ(વેસ્ટ) | રાજુ પરમાર | ડૉ.કિરીટ સોલંકી(રિપીટ) |
| (૧૦) | વડોદરા | પ્રશાંત પટેલ | રંજન ભટ્ટ(રિપીટ) |
| (૧૧) | છોટાઉદેપુર | રણજીત રાઠવા | ગીતાબેન રાઠવા |
| (૧૨) | આણંદ | ભરતસિંહ સોલંકી | મિતેશ પટેલ |
| (૧૩) | અમરેલી | પરેશ ધાનાણી(ધારાસભ્ય) | નારણ કાછડિયા(રિપીટ) |
| (૧૪) | જામનગર | મૂળુ કંડોરિયા | પૂનમ માડમ(રિપીટ) |
| (૧૫) | ગાંધીનગર | સી.જે.ચાવડા(ધારાસભ્ય) | અમિત શાહ |
| (૧૬) | સુરેન્દ્રનગર | સોમા ગાંડા પટેલ(ધારાસભ્ય) | મહેન્દ્ર મુંજપરા |
| (૧૭) | મહેસાણા | એ.જે.પટેલ | શારદાબેન પટેલ |
| (૧૮) | ભરૂચ | શેરખાન પઠાણ | મનસુખ વસાવા(રિપીટ) |
| (૧૯) | બનાસકાંઠા | પરથી ભટોળ | પરબત પટેલ(ધારાસભ્ય) |
| (૨૦) | અમદાવાદ(ઈસ્ટ) | ગીતાબેન પટેલ | એચ.એસ.પટેલ(ધારાસભ્ય) |
| (૨૧) | બારડોલી | તુષાર ચૌધરી | પ્રભુ વસાવા(રિપીટ) |
| (૨૨) | સુરત | અશોક અધેવાડા | દર્શના જરદોશ(રિપીટ) |
| (૨૩) | ભાવનગર | મનહર પટેલ | ભારતીબેન શિયાળ(રિપીટ) |
| (૨૪) | ખેડા | બિમલ શાહ | દેવુસિંહ ચૌહાણ(રિપીટ) |
| (૨૫) | સાબરકાંઠા | રાજેન્દ્રસિંહ ઠાકોર(ધારાસભ્ય) | દીપસિંહ રાઠોડ(રિપીટ) |
| (૨૬) | દાહોદ | બાબુ કટારા | જશવંતસિંહ ભાભોર(રિપીટ) |

# ક્રૂડ ઓઈલના ભાવ ત્રણ ટકા વધ્યા પેટ્રોલ-ડિઝલના ભાવમાં ભડકો થશે

ન્યુ દિલ્હી,તા.૨૨

ઈરાન સાથે પરમાણુ સંધિ રદ્દ કર્યા પછી ચીન અને ભારત જેવા દેશોને ઈરાનનું ક્રુડ તેલ ખરીદવાની છૂટ ઉપર હવે અમેરિકા પ્રતિબંધ લાદી શકે છે એવા અહેવાલો વચ્ચે ક્રુડ ઓઈલના ભાવ ત્રણ ટકા વધી ગયા છે. જે દેશ અમેરિકા આ છૂટ હટાવે પછી પણ ક્રુડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે તેના ઉપર પણ અમેરિકા આર્થિક પ્રતિબંધ લાદી શકે છે. ક્રુડ ઓઈલના ભાવમાં વધારો એ ભારત માટે વધારે ચિંતાજનક છે. ભારત પોતાની જરૂરીયાતના ૮૦% ક્રુડ ઓઈલની આયાત કરે છે. આ સ્થિતિમાં ભાવ વધે તો ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને અન્ય ઈંધણના ભાવ પણ વધશે. ભારતમાં મોંઘવારી વધશે અને રૂપિયો પણ નબળો પડશે. સોમવારે ભારતનો રૂપિયો એક ડોલર સામે ૪૧ પૈસા ઘટી ૬૯.૭૭ થઈ ગયો હતો.

નવેમ્બર મહિનામાં અમેરિકાએ ઈરાન સાથેની પરમાણુ સંધિ તોડી નાખી હતી. આ પછી છ મહિના સુધી ઈરાન પાસેથી ક્રુડ ઓઈલ રીદવા માટે અમેરિકાએ છૂટ આપી હતી. છૂટ મળેલી એવા દેશોમાં ચીન, ભારત, જાપાન, દક્ષીણ કોરિયા, તાઈવાન, તુર્કી, ઈટાલી અને ગ્રીસનો સમાવેશ થાય છે. ૨ મે પછી અમેરિકા ઈરાન પાસેથી ક્રુડ ઓઈલ ખરીદનારા દેશોને આવી કોઈ છૂટ આપવા માંગતું નથી. ક્રુડ ઓઈલ ખરીદનારા સૌથી મોટા દેશોમાં ચીન અને ભારતનો સમાવેશ થાય છે.



ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદજી તથા ૧૫ સાથીદારો ભાજપમાં જોડાયા

એસ.પી. રીસોર્ટ ખાતે ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાએ કોંગ્રેસ સાથેનો છેડો છોડી ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અને ૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ૨૦૧૭ના કોંગ્રેસના ઉમેદવાર ગોવિંદજી ઠાકોર સાથે બીજા ૧૫ જેટલા તેમના સાથીદારો ૭-અમદાવાદ પૂર્વના ઉમેદવાર હસમુખભાઈ એસ. પટેલ તેમજ ઠાકોર સમાજના આગેવાન તેમજ અમદાવાદ મ્યુનિસિપાલીટીના પૂર્વ ચેરમેન બાબુભાઈ ઝડકિયા તેમજ ઠાકોર સમાજના અગ્રણી તેમજ ભાજપના સક્રિય કાર્યકર એસ.પી. ઠાકોરની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

### કોંગ્રેસની સરકાર બન્યા બાદ દેવુ ન ચૂકવનાર ખેડૂતોને જેલ નહિ મોકલાય

# મીડિયાએ જો મનની વાત લખી દીધી તો મોદીજી દંડા મારશે : રાહુલ ગાંધી

### અમે ગરીબોને ન્યાય આપીશુ, એક વર્ષમાં ૨૨ લાખ નોકરીઓ ભરવાનું કોંગ્રેસ અધ્યક્ષનું વચન

અમેઠી,તા.૨૨

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અમેઠીથી નામાંકર કર્યા બાદ સોમવારે પોતાની લોકસભા વિસ્તારમાં પ્રચાર કરવા પહોંચ્યા છે. તિલોઈમાં આયોજિત જનસભામાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો. પીએમ મોદીના બહાને પ્રેસ પર નિશાન સાધતા કહ્યુ કે જો તેમણે પોતાના 'મનની વાત' કહી તો તેમને દંડા પડશે. નરેન્દ્ર મોદીજી મારશે. રાહુલ ગાંધીએ આ રેલીમાં પીએમ મોદીને જીએસટી, નોટબંધી, દેવામાફી જેવા ઘણા મુદ્દે જોરદાર ઘેર્યા.

સોમવારે અમેઠીમાં પ્રચાર કરવા પહોંચેલા રાહુલ ગાંધીએ કહ્યુ કે પહેલા નારા હતા કે અચ્છે દિન આએંગે. જુઓ હવે નવો નારો આવી ગયો છે, ચોકીદાર ચોર છે. આ નારા પર પ્રેસવાળા પણ હસી રહ્યા છે, તેમને પણ હસવુ આવી રહ્યુ છે. રાહુલ બોલ્યા કે હું તમને જણાવી દઉ કે આમને હસવુ કેમ આવી રહ્યુ છે. જો તેમણે પોતાના મનની વાત કરી દીધી તો દંડા પડશે, મોદીજી મારશે કારણકે તેમને આખો દિવસ નરેન્દ્ર મોદીની વાત કેમેરાથી લેવી પડે છે એટલે હસવુ આવી રહ્યુ છે.

રાહુલે આગળ કહ્યુ કે ગભરાવો નહિ, ૨૦૧૯ની ચૂંટણી પછી તમારે જે લખવુ હોય તે લખજો. અમારા વિરોધમાં પણ લખવુ હોય તો લખી લેજો. રાહુલ ગાંધીએ એલાન કર્યુ કે કોંગ્રેસની સરકાર બન્યા બાદ દેવુ ન ચૂકવવા પર ખેડૂતોને જેલ નહિ મોકલવામાં આવે. અમેઠીની જનતાને વચન આપ્યુ કે મોદી સરકારે તમારી પાસેથી જેટલુ છીનવ્યુ છે તેનાથી બમણુ પાછુ આપવામાં આવશે. ફૂડ પાર્કમાં ૧૦૦ ઉદ્યોગ લગાવવાનું વચન. પાંચ કરોડ પરિવારને દર વર્ષે ૭૨ હજાર રૂપિયા આપીશુ.

રાહુલ ગાંધીએ કહ્યુ કે મોદીએ દેશના ૧૫ લોકોને કરોડો રૂપિયા આપ્યા. અમે ગરીબોને ન્યાય આપીશુ. નરેન્દ્ર મોદીએ ગબ્બર ટેક્સ લગાવ્યો. તમારા ખિસ્સામાંથી પૈસા નીકળ્યા અને પેલા ચોરોના હાથમાં ગયા. જેવો તમે માલ ખરીદવાનો બંધ કર્યો. હિંદુસ્તાનની ફેક્ટરીએ માલ બનાવવાનો બંધ કરી દીધો. આનાથી બેરોજગારી વધી ગઈ. તમે મને જાણો છો કે હું ખોટુ નથી બોલતો. હું અમેઠી, રાયબરેલી તેમજ હિંદુસ્તાનની જનતાને કહેવા ઈચ્છુ છુ કે ૨૨ લાખ નોકરીઓ ખાલી પડી છે. એક વર્ષમાં આ નોકરીઓ ભરી દઈશ. ૧૦ લાખ યુવાનોને પંચાયતોમાં નોકરીઓ આપી શકાય છે.

# બોર્ડ પરીક્ષામાં ફુટેજના આધારે ૪૧ વિદ્યાર્થીઓ કોપી કરતા ઝડપાયા

ગાંધીનગર તા ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી બોર્ડ પરીક્ષાના અંતે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સી સી ટીવી ફુટેજનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. જયારે આ અન્વયે તૈયાર થયેલા રીપોર્ટ મુજબ જિલ્લામાં ધો -૧૦ અને ૧૨ ના કુલ ૪૧ કિસ્સામાં વિદ્યાર્થીઓ કોપી કરતા હોવાનુ માલુમ પડયુ છે. આ અન્વયે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા વાલીઓને જાણ કરી હીયરીંગની પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે.હવે આ રીપોર્ટ શિક્ષણ બોર્ડને સુપ્રત કરાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી બોર્ડની પરીક્ષાના અંતે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સી સી ટી વી કેમેરાના ફુટેજની ચકાસણી કરવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી હતી. જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોને સી સી કેમેરા હેઠળ આવરી લેવાયા હતા.

જયારે પ્રથમવાર બોર્ડની પુરવણી પણ જે ઠેકાણે રાખવામાં આવે છે. તેવા સેન્ટર પર કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી હતી. આ ઉપરાંત બોર્ડ દ્વારા ઓબર્ઝવરની નિમણુંક પણ કરવામાં આવી હતી. સ્કોવોર્ડના સભ્યોમાં વર્ગ - ૧ ના અધિકારીઓ પણ કેન્દ્રો પર રાઉન્ડ લે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે બોર્ડ પરીક્ષાના અંતે સી સી કેમેરાના ફુટેજનુ પણ નિરિક્ષણ કરાયુ હતુ. જેના અંતે કોપી કરતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ આ રીપોર્ટના અંતે ધો -૧૦ માં જિલ્લાના ૩૩ પરીક્ષાર્થીઓ કોપી કરતા ઝડપાયા છે. જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહના ૭ અને ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧ વિદ્યાર્થી સામે કાર્યવાહી કરવામાં આવી છે. જો કે આ વિદ્યાર્થીઓના વાલીઓને બોલાવી હિયરીંગની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ૩ વિદ્યાર્થીઓએ ફુટેજના આધારે કોપી કેસ મામલે ઈન્કાર કર્યો હતો.સી સી ફુટેજના આધારે કોપી કેસ કરતા માલુમ પડતા પરીક્ષાર્થીઓના વાલીઓને બોલાવી હીયરીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે હવે આ રીપોર્ટ તૈયાર થઈ ગયો હોવાથી કોપી કેસ અંગેની સઘળી માહીતી શિક્ષણ બોર્ડને મોકલી દેવાશે.

# દ્વારકાના ધારાસભ્ય પબુભાને સુપ્રીમમાંથી સ્ટે મળ્યો નહીં

અમદાવાદ,તા.૨૨

દ્વારકા વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં વિજેતા બનેલા ભાજપના ઉમેદવાર પબુભા માણેકના ફોર્મમાં ભુલ હોવાના મામલે થયેલી ઈલેકશન પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટે દ્વારકા વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણી રદ કરવાનો આદેશ કર્યો હતો. આ મામલે પબુભાએ હાઈકોર્ટના ચુકાદાને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આજની સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મુકવાનો ઈન્કાર કર્યો હતો. જેને પગલે પબુભા માણેકને સુપ્રીમકોર્ટમાંથી બહુ મોટો ઝટકો મળ્યો છે. સુપ્રીમકોર્ટમાંથી કોઈ રાહત નહી મળતાં પબુભા માણેક ધારાસભ્ય તરીકે કામ નહી કરી શકે. સુપ્રીમકોર્ટે આ કેસની વધુ સુનાવણી સપ્ટેમ્બર માસમાં મુકરર કરી હતી અને ત્યાં સુધી આ બેઠકની ચૂંટણી નહી યોજવા પણ તાકીદ કરી હતી. સુપ્રીમકોર્ટમાંથી રાહત નહી મળ્યા બાદ પબુભાએ તેમને ન્યાયતંત્ર પર પૂરો ભરોસો હોવાનો દાવો કર્યો હતો. દ્વારકા ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ધારાસભ્ય પબુભા માણેક ૬૯૪૩ મતોની લીડથી વિજયી થયા હતા. ત્યારે તેમની સામે હારેલા કોંગ્રેસના ઉમેદવાર મેરામણ ગોરિયાએ પબુભાની જીત અને તેમનું ઉમેદવારી ફોર્મ રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે મેરામણ ગોરિયાની અરજી અંશતઃગ્રાહ્ય રાખી હતી અને દ્વારકા વિધાનસભા બેઠકની ચૂંટણી રદબાતલ ઠરાવી હતી. જેને પગલે ભાજપના વિજયી ઉમેદવાર પબુભા માણેકનું ધારાસભ્ય પદ છીનવાઈ ગયું હતું.

# રાંધેજામાં ખુલ્લા મેદાનમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ પકડાયો

પેથાપુર પોલીસ સ્ટેશનની હદમા રાંધેજા ગામની ભાગોળે અંબાજી માતાની વાડી સામે ખુલ્લા મેદાનમાંથી આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક ઈસમને રૂ. ૨૯,૨૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ગાંધીનગર એલસીબી ટીમે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના હે.કો. કિરીટકુમાર, પો.કો.રાજેન્દ્રસિંહ, ભવાનસિંહ, સુરેન્દ્રસિંહ, સજ્જાદઅલી, સુરેશકુમાર સહિતના ટીમના સભ્યો ગતરોજ પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સજ્જાદઅલી કાદરઅલીને બાતમી મળી હતી કે રાંધેજા ગામની ભાગોળે અંબાજી માતાની વાડી તા.જી.ગાંધીનગર ખાતેથી રોયલ ચેલેન્જર બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કીંગ્સ વચ્ચે ચાલી રહેલી લાઈવ મેચ પર પોતાના મોબાઈલ ક્રિકેટ ફાસ્ટ લાઈવ લાઈન નામની એપ્લીકેશનમાં લાઈવ સ્કોર જોઈ એપ્લીકેશન ડાઉનલોડ કરી તેમાં લાઈવ મેચ જોઈ બીજા કીપેડ મોબાઈલમાંથી ક્રિકેટ મેચના લાઈવ સોદા કરી સટ્ટો રમાડતા એક જીગ્નેશ પ્રમુખભાઈ પટેલ ઉં.વ.-૨૭ રહે.રાંધેજા, અંબાજી માતાની વાડી, તા.જી.ગાંધીનગરવાળાને પકડી પાડ્યો હતો. ગાંધીનગર એલસીબી પોલીસે આરોપી પાસેથી ક્રિકેટ સટ્ટો રમવા માટે ઉપયોગમાં લીધેલા ૨ મોબાઈલ નંગ કિ.૪,૦૦૦ તેમજ રોકડ રકમ કુલ રૂ.૨૦૦ તેમજ હીરો મોટર સાયકલ નં. જી.જે.૧૮.સી.એન.-૬૬૯૦ કિ.રૂ. ૨૫,૦૦૦ મળી કુલ રૂ.૨૯,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## દુઃખ વ્યક્ત કર્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતુ કે હવે સુપ્રીમ કોર્ટ પર સ્વીકારે છે કે ચોકીદાર ચોર છે. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ રાહુલ ગાંધીને નોટીસ ફટકારીન ૨૨મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે કહ્યુ હતુ. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કહ્યુ હતુ કે કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે કોઈ ટિપ્પણી કરી ન હતી. રાહુલ ગાંધી પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણીને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આ મામલે મંગળવારના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. આ મામલાની સુનાવણી કરતા કોર્ટે કહ્યુ હતુ કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે રાહુલ ગાંધીએ આ અદાલતનુ નામ લઈને રાફેલના સંબંધમાં મિડિયા અને જનતામાં જે કઈ પણ વાત કરી તે ખોટી રીતે રજૂ કરી હતી.સુપ્રીમ કોર્ટે રાફેલના મામલામાં ૧૦મી એપ્રિલના દિવસે કેન્દ્ર સરકારને મોટો ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં રિવ્યુ પિટિશન ઉપર નવેસરના દસ્તાવેજોના આધાર પર સુનાવણી કરવાનો ફેંસલો કર્યો હતો. સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચ દ્વારા સર્વસંમતિથી આ અંગેનો નિર્ણય કર્યો હતો. બેંચે કહ્યું છે કે, જે નવા દસ્તાવેજો ડોમેનમાં આવ્યા છે તેના આધાર પર મામલામાં રિવ્યુ પિટિશન ઉપર સુનાવણી કરવામાં આવશે. બેંચમાં સીજેઆઈ ઉપરાંત જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફ પણ હતા. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં લીક દસ્તાવેજના આધાર પર રિવ્યુ પિટિશન પર સુનાવણીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, આ દસ્તાવેજ વિશેષાધિકારવાળા ગુપ્ત દસ્તાવેજ છે જેથી રિવ્યુ પિટિશન ફગાવી દેવામાં આવે તે જરૂરી છે. સરકારે એમ પણ કહ્યું હતું કે, જે દસ્તાવેજ પ્રશાંત ભૂષણે રિવ્યુ પિટિશનની સાથે રજૂ કર્યા છે તે વિશેષાધિકારવાળા દસ્તાવેજ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગુપ્ત દસ્તાવેજ છે.

## હાઈ પ્રોફાઈલ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યમાં નોંધાયેલા મતદારોની દ્રષ્ટિએ બીજા નંબરનો મતદાર વિસ્તાર છે.

આ બેઠક પર ૧૭ ઉમેદવારો મેદાનમાં છે. સતત ત્રીજી ચૂંટણીમાં આ વિસ્તારમાં બે બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સંસદીય વિસ્તારમાં ૧૮૮ ઝોનલ રૂટ બનાવાયા છે જે તમામ રૂટ પર ફરનાર સેક્ટરસ સુપરવાઈઝરનું વાહન જી.પી.એસ. સિસ્ટમથી સજ્જ હશે જેથી દરેક પળે તેનુ લોકેશન તંત્રને મળશે અને ઈ.વી.એમ. બગડે તો તાત્કાલિક તે રિપ્લેસ પણ કરી શકશે.

આ સંસદીય મતવિસ્તારમાં સંવેદનશીલ અને હાઈપ્રોફાઈલ જંગ ખેલાતો હોવાથી ૨૬૮ માઈક્રો ઓબ્ઝર્વર મુકવામાં આવ્યા છે. જ્યારે ૨૦૬ મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરવામાં આવનાર છે. જેના પર પંચ અને તંત્ર સીધી નજર રાખશે.

# સે-૪ ખાતેથી વિદેશી દારુની ૬ બોટલ સાથે રીક્ષા પકડાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૪ના એપ્રોચ માર્ગ પરથી વિદેશી દારુની ૬ બોટલ સાથે રીક્ષા પકડાઈ છે. સેકટર-૭ પોલીસે બાતમીને આધારે શનિવારના રોજ મોડી રાત્રે સે-૪ સી માંથી નીકળતા એપ્રોચ રોડ પરથી જી.જે.૧૮ એ.વી.-૨૮૫૮ નંબરની એક રીક્ષાને પકડી પાડી હતી. જેમાં તપાસ કરતા એક થેલામાંથી વિદેશી દારુની ૬ બોટલો મળી આવી હતી. રીક્ષા ચાલકનું નામ પુછતા તેણે પોતનું નામ કનકસિંહ દશરથસિંહ ઝાલા ઉં.વ.૩૫ રહે. સે-૪ સી પ્લોટ નં. ૧૨૩૫-૧ મુળ ભેસાણા, મહેસાણા, હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી ૩ હજારની કિંમતનો દારુનો જથ્થો, રૂ.૧૦ હજારનો મોબાઈલ અને રૂ.૨૫ હજારની રીક્ષા મળી કુલ ૨૯ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દારુના જથ્થા સાથે ઝડપાયેલા આરોપી કનકને દારુના જથ્થા અંગે પુછતા તેણે વાવોલ ગામના સંજયસિંહ શંકરસિંહ ગોહિલનો દારુ હોવાનું અને તેણે વેચવા માટે આપ્યો હોવાનું કહ્યું હતું. જેને પગલે પોલીસે બંન્ને વિરુધ્ધ પ્રોહી એકટ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દહેગામમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

ગાંધીનગર જિલ્લામાં એક તરફ ચાલી રહેલ ગરમીના પ્રકોપ વચ્ચે પણ સ્વાઈન ફ્લુના કેસો મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાંથી આજે વધુ એક કેસ સ્વાઈન ફ્લુનો મળી આવ્યો છે. આજે મળેલ આ કેસ સાથે જિલ્લામાં આ મહિનામાં ૪ કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ નોંધાયા છે. મળતી વિગતો પ્રમાણે ૬૧ વર્ષીય વૃદ્ધને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ